ચૌધરી કોલેજ ખાતે હોમસાયન્સ વિભાગનું પ્રદર્શન યોજાયું

ગાંધીનગરના સેક્ટર-૭ ખાતેની પી.કે. મહિલા આર્ટસ કોલેજ ખાતે 'ફેગરન્સ ઓફ હોમ સાયન્સ-૨૦૧૮' પ્રદર્શનનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. આ પ્રદર્શનમાં વિદ્યાર્થીનીઓ દ્વારા સ્વહસ્તે તૈયાર કરવામાં આવેલા હેન્ડીક્રાફ્ટ્સ, આર્ટિકલ્સ, ટ્રેડિશનલ ગારમેન્ટસ, જ્વેલરી, ચોકલેટ્સ, ઓર્ગેનિક સાબુ, પરફ્યુમ્સ વગેરેનો સમાવેશ કરાયો હતો. 'ફેગરન્સ ઓફ હોમ સાયન્સ-૨૦૧૮'ના ઉદ્ઘાટક પ્રસંગે સ્મિતાબેન જ્હા, કોલેજના સંચાલક મંડળના પ્રમુખ હરિભાઈ ચૌધરી, લાલજીભાઈ ચૌધરી, એમ.એમ. ચૌધરી તથા રણછોડભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. પ્રદર્શનમાં કોલેજના હોમસાયન્સ વિભાગની વિદ્યાર્થીનીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન હોમસાયન્સ વિભાગના અધ્યક્ષ પ્રો. પ્રતિમા છનિયારા, ડૉ. હેમાંગીની વાઘેલા તથા પ્રો. તારાબેન દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. જેનો મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓએ નિહાળ્યુ હતું.

વાતવાતમાં

● ચિલોડાથી પકડાયેલા ચરસ કેસમાં જમ્મુ-કાશ્મિર કનેક્શન ખુલવા પામ્યું છે અને પકડાયેલા આરોપી ફરીદે અજમેરથી બશીર નામના શખ્સ પાસેથી માલ લીધો હોવાનું કબૂલ્યુ છે. આ સાથે તેણે બશીરના બંને ભાણીયા અનંતનાગમાં ચરસના વ્યવસાયના મુખ્ય કારોબારી હોવાનું જણાવ્યું છે.

● શહેરમાં સવારથી જ ઉકળાટના કારણે નાગરિકો પરેશાન થઈ ઉઠ્યાં હતા. જો કે બપોર પછી આ ઉકળાટના પ્રતિપાકરૂપે વરસાદી રમઝટના કારણે ઠંડક છવાતા નગરજનો ગેલમાં આવી ગયા હતા.

● ગાંધીનગરમાં વિવિધ સંસ્થાઓ અને વિવિધ રાજકીય પક્ષોના સંયુક્ત ઉપક્રમે પૂર્વ પ્રધાન મંત્રી અટલ બિહારી વાજપેયીને શ્રદ્ધાસુમન અર્પણ કરવા ૨૪મીએ સાંજે ઉમા સમાજ ભવન, સેક્ટર-૧૨ ખાતે પ્રાર્થના સભાનું આયોજન થઈ રહ્યું છે. આ સભામાં શહેરની તમામ સંસ્થાઓ અટલજીને અંજલિ આપશે.

મોહરૂપી નિંદ્રામાંથી જાગરણ માટે સમ્યક દર્શન જરૂરી : પૂ. સુનીલસાગરજી મહારાજ

ગાંધીનગર, તા. ૨૧

'પોતાના સ્વરૂપની જેને સમજણ નથી તેને મિથ્યાનો રોગ છે જેનો શ્રેષ્ઠ ઈલાજ નથી' રોગ મટી શકે છે પરંતુ મિથ્યારૂપી રોગ ક્યારેય મટતો નથી. વ્યક્તિ પોતે ઉંઘે છે અને પ્રભુ, દેવી, દેવતાઓને જગાડવાનો પ્રયાસ કરે છે. જે ક્યારેય ઉંઘતા નથી. વ્યક્તિએ પોતાને જગાડવો જોઈએ. આચાર્ય પૂ. સુનિલસાગરજીએ જણાવ્યું હતું કે મોહની નિંદ્રામાં ઉંઘી રહેલા વ્યક્તિઓ જાગરણ માટે સમ્યકદર્શનની અનુભુતિ થવી જોઈએ. આત્માના કલ્યાણ માટે સમ્યકદર્શનનો સહારો લેવો જોઈએ.

એવી જ રીતે દૃષ્ટિથી, સાંભળવાથી, મનથી તેમજ ઈન્દ્રિયોથી જે અનુભવ થઈ રહ્યો છે તે સમ્યકજ્ઞાન છે. સમ્યકજ્ઞાનથી જે પ્રાપ્ત થાય છે તેનો અનુભવ કરી અનુમાન કરવો જોઈએ. આત્માને પરમાત્મા બનવા પણ સમ્યકજ્ઞાન જરૂરી છે.

દીવાને પ્રગટાવવુ અને પ્રકાશ થવો બન્ને જોવામાં એકજ લાગે છે પરંતુ બન્ને જુદી જુદી ઘટનાઓ છે. એવી જ રીતે સમ્યકજ્ઞાન કાર્ય છે તો સમ્યકદર્શન કારણ છે. વ્યક્તિને સમ્યકજ્ઞાન થતા જ તેને સમ્યકદર્શનની અનુભુતિ થાય છે. જે આત્માના કલ્યાણ માટે જરૂરી છે.

સે-૧૭માં ચિલ્ડ્રન હોમ તૈયાર કરવાના પ્રોજેકટમાં ગતિ લાવવા સૂચના

સે-૧૭ ના સરકારી શાળાના મકાનને સોંપી દેવાયા બાદ સે-૧૩ કાર્યરત ચિલ્ડ્રન હોમને અનુલક્ષી બિલ્ડીંગનુ રીનોવેશન કરવામાં આવી રહયુ છે

ગાંધીનગર તા ૨૧

સે-૧૭ ચિલ્ડ્રન હોમ તૈયાર કરવાના કામગીરી તેજ બનાવવા માટે ગિતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. સે-૧૭ સરકારી શાળાના મકાનને શિક્ષણ વિભાગે સરકારને સુપ્રત કરી દીધા બાદ ચિલ્ડ્રન હોમ તૈયાર કરવામાં આવી રહયુ છે. સે-૧૩ હાલ કાર્યરત ચિલ્ડ્રન હોમને અનુલક્ષીને હાલ સે-૧૭ માં પ્રાથમિક શાળાના બિલ્ડીંગનુ રીનોવેશન કરી નવુ ચિલ્ડ્રન હોમ તૈયાર કરવામાં આવી રહયુ છે. આ પ્રોજેકટની મંદ કામગીરીને ગતિમાં લાવવા માટે પણ સુચના આપવામાં આવી છે.

સે-૧૭ માં ચિલ્ડ્રન હોમ તૈયાર કરવાની કામગીરીને તેજ બનાવવા માટે ઉચ્ચ કક્ષાએથી સુચના આપવામાં આવી છે. સે-૧૩ કાર્યરત ચિલ્ડ્રન હોમને અનુલક્ષી સે-૧૭ પ્રાથમિક શાળાના બિલ્ડીંગમાં રીનોવેશનની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ કામગીરી પાછળ રૂ ૧.૪૯ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જયારે આ ઠેકાણે અગાઉ શાળા કાર્યરત હતી. પરંતુ વિદ્યાર્થીઓની ઘટતી સંખ્યાને ધ્યાને લઈ આ શાળાને સે-૨૨ માં મર્જ કરી દેવામાં આવી છે. જયારે શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સે-૨૨ ની શાળામાં મોકલી દેવાયા છે.

હાલ આ ઠેકાણે ચિલ્ડ્રન હોમની કામગીરી ચાલી રહી છે. જયારે છેલ્લા ઘણાં સમયથી આ કાર્યયોજના મંદ ગતિએ ચાલતી હોવાથી આ કામગીરીને વધુ તેજ બનાવવા માટે પણ થોડાસમય અગાઉ મળેલી અધિકારીઓની બેઠકમાં સુચના આપવામાં આવી છે. સે-૧૩ માં સરકારી આવાસમાં કાર્યરત ચિલ્ડ્રન હોમમાં અનાથ અને બેઘર બાળકોને આશરો આપવામાં આવી રહયો છે. જયારે ચિલ્ડ્રન હોમના બાળકોને વધુ સારી સુવિધા અને માહોલ આપી શકાય તે માટે આ સરકારી શાળાના બિલ્ડીંગના રીનોવેશનનુ કામ હાથ ધરી ચિલ્ડ્રન હોમમાં રૂપાંતરિત કરવાની યોજના હાથ ધરાઈ છે. આમ પણ આ શાળામાં વિદ્યાર્થીઓની ઘટતી સંખ્યાને ધ્યાને લઈ આ સ્થળનો અન્ય ઉપયોગ કરવા માટે વિચારણા હાથ ધરવામાં આવી હતી જેને અનુલક્ષી હાલ ચાલતી કામગીરી ઝડપથી પુર્ણ કરવા માટે પણ તાકીદ કરવામાં આવી છે.

ગાંધીનગર શહેર ભાજપના મહિલા મોરચાની એક બેઠક તાજેતરમાં કોર્પોરેટર નીલાબેન શુકલના નિવાસસ્થાને સેકટર-૨ ઉમાં યોજાઈ હતી. આ બેઠકમાં મહિલા મોરચાના સંકલન કર્તા ભારતીબેન શુકલ, પ્રમુખ મણીબેન દેસાઈ, કોર્પોરેટર્સ પ્રવિણાબેન દરજી, હર્ષાબા ધાંધલ, મહામંત્રી ભાવનાબેન પાઠક, અનિતાબેન પટેલ, પૂર્વ કોર્પોરેટર જાગૃતિબેન પુરોહિત, કૈલાસબેન લખવારા, વોર્ડ મહામંત્રી ચંપાબેન દરજી સહિત સંગઠનના ૩૦ જેટલા મહિલા સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે સુધીરભાઈ દેસાઈ દ્વારા બેઠકમાં મહિલાઓના આત્મરક્ષણ માટે કાનૂની સહાય અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે મધુસુદન જોષી, એમ.બી. કોટેચા, જીગીષાબેન ઉપાધ્યાય, વિમળાબેન વગેરેએ કાનૂની શિબિર અંતર્ગત માહિતી પુરી પાડી હતી.

રાજ્ય મંત્રીમંડળ દ્વારા સ્વ. અટલ બિહારીજીને ભાવભીની અંજલિ

ગાંધીનગર, તા. ૨૧

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલની ઉપસ્થિતીમાં મળેલી ગુજરાત રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં ભારતના પૂર્વ વડાપ્રધાન અને દેશના અગ્રણી રાજપુરૂષ ભારત રત્ન અટલ બિહારી વાજપેયીના તા.૧૬ ઓગસ્ટ ૨૦૧૮ એ થયેલા દુઃખદ અવસાન અંગે ભાવાંજલિ આપતો શોકદર્શક પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો.

મંત્રીમંડળે બે મિનીટનું મૌન પાળી સદ્ગત અટલ બિહારી વાજપેયીજીને શ્રધ્ધાંજલિ આપી હતી.

ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન અને દેશના અગ્રણી રાજપુરૂષ ભારતરત્ન અટલ બિહારી વાજપેયીના લાંબી માંદગી બાદ દિલ્હી ખાતે એઈમ્સ હોસ્પિટલમાં તા. ૧૬-૮-૨૦૧૮ ના રોજ ૯૩ વર્ષની વયે થયેલ દુઃખદ અવસાનની મંત્રીમંડળે ઊંડા ખેદ સાથે નોંધ લીધી છે.

અટલ બિહારી વાજપેયીનો જન્મ ૨૫મી ડિસેમ્બર,૧૯૨૪ ના રોજ ગ્વાલિયર ખાતે થયો હતો. તેઓએ પોતાનું પ્રાથમિક તથા માધ્યમિક શિક્ષણ ગ્વાલિયર ખાતે તથા સ્નાતકની પદવી વિક્ટોરિયા કોલેજ, ગ્વાલિયર ખાતેથી મેળવી હતી. ત્યારબાદ ડીએવી કોલેજ, કાનપુર ખાતેથી રાજ્યશાસ્ત્રમાં અનુસ્નાતકની પદવી મેળવી હતી.

રાજ્ય મંત્રીમંડળની આજની બેઠકમાં સ્વ. વાજપેયીના આત્માને પરમ શાંતિ મળે એવી પ્રભુ પ્રાર્થના સાથે બે મિનિટનું મૌન પાળી સ્વર્ગસ્થશ્રીને ભાવભરી શ્રધ્ધાંજલિ અર્પે છે.

રખડતા ઢોરને પાંજરે પુરવા તંત્રને રાજધાની વસાહત મંડળની રજુઆત

ગમે ત્યારે માર્ગ વચાળે આવતા પશુઓ અકસ્માત નોંતરે છે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરના માર્ગો પર રખડતા ઢોરનો ત્રાસ ખુબ મોટા પ્રમાણમાં વધી જવા પામ્યો છે. ગમે ત્યારે અચાનક માર્ગ વચાળે આવી જતા રખડતા પશુઓને પગલે અકસ્માતના કિસ્સા વધી જવા પામ્યા છે. જેથી શહેરમાં પેંડા પરની જીંદગી જોખમાઈ રહી છે. ચોમાસાની સિઝનમાં રખડતા ઢોર અડીંગો જમાવી બેસતા વાહન માલિકને ગાડી થોભાવી નીચે ઉતરી હાંકવાની ફરજ પડે છે. ઢોર માલિકો દ્વારા સવાર સાંજ ઢોરને છોડી મુકવામાં આવે છે. રખડતા પશુઓને પગલે નગરજનોના ઘર તેમજ સેકટરોમાં ગંદકી ફેલાય છે. તંત્રની ટીમ ઢોર પકડવા માટે જાય ત્યારે તેની આગળ પાછળ મોટીસંખ્યામાં પશુધનના માલિકો હોય છે. વાવોલ -ગોકુલપુરા માર્ગ પર પશુઓનો ખડકલો સર્જાયો હોય છે.

વાહનોના હોર્નથી સહેજ પણ વિચલીત થવા વિના બેસી રહે છે. તેવી સ્થિતિમાં શહેરના સેકટરો અને ન્યું ગાંધીનગર વિસ્તારમાંથી રખડતા ઢોરને પાંજરે પુરવા રાજધાની વસાહત સેવા મંડળ દ્વારા રજુઆત કરવામાં આવી છે.

જિલ્લામાં સેવાસેતું કાર્યક્રમ ચોથા તબક્કાનો ૨૪મીથી પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લાના ચાર તાલુકામાં ચોથા તબક્કાના સેવાસેતું કાર્યક્રમનો પ્રારંભ આગામી તા. ૨૪મી ઓગષ્ટ, ૨૦૧૮થી શરૂ કરાશે.જિલ્લા કલેકટર એસ.કે. લાંગાએ જણાવ્યું છે કે, રાજયના વહીવટમાં પારદર્શિતા વધે તેમજ પ્રજાની વ્યક્તિલક્ષી રજુઆતોના ઝડપી ઉકેલ માટે તાલુકા કક્ષાએ 'સેવાસેતુ' કાર્યક્રમનું આયોજન ૮ થી ૧૦ ગામો વચ્ચે એક ગામે કેમ્પ કરવામાં આવનાર છે. આ સેવાસેતું કાર્યક્રમ સવારના ૯ કલાકે કલસ્ટર કક્ષાએ વ્યક્તિગત પ્રશ્નનો સ્થળ ઉપર નિકાલ કરાશે. ગાંધીનગર તાલુકાનો તા. ૨૪મી ઓગષ્ટના રોજ ભાટ ગામે સેવાસેતુનો કાર્યક્રમ યોજાશે અને તબક્કાવાર સાત જેટલા સેવાસેતુ કાર્યક્રમના આયોજન દ્વારા આશરે ૭૦ ગામોને આવરી લેવાશે. દહેગામ તાલુકાનો સેવાસેતું કાર્યક્રમ તા. ૩૧મી ઓગષ્ટ, ૨૦૧૮ ના રોજ વડવાસા ગામે યોજાશે. માણસા તાલુકાનો સેવાસેતું કાર્યક્રમ તા. ૩૧મી ઓગષ્ટ, ૨૦૧૮ ના રોજ પંચશીલ વિધાલય ખરણા ગામે યોજાશે. કલોલ તાલુકાનો સેવાસેતું કાર્યક્રમ ૨૪ ઓગષ્ટ, ૨૦૧૮ના રોજ જેઠલજ ગામે યોજાશે.

જિલ્લા કલેકટર એસ.કે. લાંગાએ જણાવ્યું હતું કે, આ અગાઉ ગાંધીનગર જિલ્લામાં ત્રણ તબક્કામાં યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લાએ બીજી સ્થાન હાંસલ કરીને ૨ લાખ ૭૫ હજાર ૮૦૩ જેટલા વ્યક્તિગત પ્રશ્નનો સ્થળ ઉપર નિકાલ કરવામાં આવ્યો હતો. ચોથા તબક્કાના સેવાસેતું કાર્યક્રમમાં ઉપસ્થિત અરજદારોને ડીજીટલ ટ્રાન્ઝેકશન, ભીમ એપ અને ડીજીટલ લોકરની સગવડ વિશે ડેમોસ્ટ્રેશન અને તાલીમ આપવામાં આવશે.

ભારત સરકારના ગ્રીન સ્કીલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ અંતર્ગત ક્લિનર પ્રોડક્શન એસેસમેન્ટ સર્ટિફિકેટ કોર્ષનો જીસીપીસી-એન્વીસ દ્વારા પ્રારંભ કરાયો છે. આ કોર્ષ માટે ભારતના વિવિધ શહેરોમાંથી ૨૦ ઉમેદવારોને પસંદ કરાયા છે. જેઓની તાલીમ બાદ તેઓ અન્ય વિદ્યાર્થીઓને ક્લિનર પ્રોડક્શન અંગે તાલીમ આપશે. કોર્ષના ગાંધીનગર ખાતે યોજાયેલ ઉદ્ઘાટન સમારંભમાં જીઆઈડીસીના ઉપાધ્યક્ષ ડી. થારા, પર્યાવરણ અને વન વિભાગના કેન્દ્રિય આર્થિક સલાહકાર ડૉ. આનંદી સુબ્રમણ્યન, રાજ્ય વન-પર્યાવરણ વિભાગના નિયામક પ્રદિપસિંહ, જીસીસીઆઈ પ્રમુખ ડૉ. જૈમીનભાઈ વાસા, એફઆઈએ પ્રમુખ પ્રબોધભાઈ પટેલ, યુનિડોના ડૉ. રેને વાન બર્કેલ, જીસીપીસીના સભ્ય સચિવ ડૉ. ભરત જૈન ઉપસ્થિત રહ્યાં હતા.

માત્ર સારા ટકાથી દિવ્યાંગોને મેડિકલમાં પ્રવેશ મળશે નહીં

મેડિકલમાં પ્રવેશ મેળવવા માંગતા દિવ્યાંગ વિદ્યાર્થીઓની સ્યુટેબિલિટીના આધાર ઉપર જ તેમને પ્રવેશ આપી શકાય

અમદાવાદ, તા.૨૧

મેડિકલમાં ખાસ કરીને એમબીબીએસમાં પ્રવેશ મેળવવા માંગતા દિવ્યાંગ વિદ્યાર્થીઓના મામલે ગુજરાત હાઈકોર્ટે મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. જેમાં હાઈકોર્ટે મેડિકલમાં પ્રવેશ મેળવવામાં ખાસ રાહત અને પ્રાધાન્યતા આપવા દાંદ માંગતી દિવ્યાંગ વિદ્યાર્થીઓએ કરેલી અરજીને ફગાવી દીધી હતી. હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ જસ્ટિસ આર.સુભાષ રેડ્ડી અને જસ્ટિસ વિપુલ પંચોલીની ખંડપીઠે મહત્વનો ચુકાદો આપતાં ઠરાવ્યું હતું કે, માત્ર સારા ટકા હોવાને કારણે દિવ્યાંગ વિદ્યાર્થીને મેડિકલમાં પ્રવેશ મળી શકે નહીં. મેડિકલમાં પ્રવેશ મેળવવા માંગતા દિવ્યાંગ વિદ્યાર્થીઓની સ્યુટેબિલિટીના આધાર ઉપર જ તેમને પ્રવેશ આપી શકાય. ગુજરાત હાઈકોર્ટમાં પિટિશન કરનાર દિવ્યાંગ વિદ્યાર્થીઓની માગણી હતી કે સામાન્ય વિદ્યાર્થીઓના મેરીટમાં તેમના નામ હોવા છતાં તેમની અપંગતા ૪૦ થી ૮૦ ટકા વચ્ચે હોવાનું કારણ આપી તેમને મેડિકલમાં પ્રવેશ આપવામાં આવતો નથી. આ મામલે હાઈકોર્ટે મેડિકલમાં પ્રવેશ આપતા સક્ષમ આધિકારીઓને પણ સાંભળ્યા હતા તમામ પક્ષકારોને સાંભળ્યા બાદ હાઈકોર્ટે ચુકાદો આપતા જણાવ્યુ હતું કે દિવ્યાંગ વિદ્યાર્થીની અપંગતા કેટલી અને કેવા પ્રકારની છે તે નક્કી કરવાનો અધિકાર સરકાર-તંત્રનો છે અને તેના આધારે જ તેમને એમબીબીએસમાં પ્રવેશ મળી શકે છે. માત્ર મેરીટ લીસ્ટમાં તેમના નામનો સમાવેશ થયો હોવાને કારણે તેઓ એમબીબીએસમાં પ્રવેશ મેળવવા માટે લાયક બનતા નથી. હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું કે, મેડિકલમાં પ્રવેશ મેળવવા માંગતા દિવ્યાંગ વિદ્યાર્થીઓની સ્યુટેબિલિટીના આધાર ઉપર જ તેમને પ્રવેશ આપી શકાય અને તે સ્યુટેબિલિટી નક્કી કરવાનો અને તેના પર નિર્ણય લેવાનો તંત્રને અધિકાર છે. હાઈકોર્ટે એમપણ જણાવ્યું કે, સારા માર્ક્સ અથવા મેરિટમાં હોવાથી મેડિકલ જેવા પ્રોફેશનમાં જવાના પ્રવેશનો માર્ગ ખુલ્લો થતો નથી. ડિસએબિલિટી કયા પ્રકારની અને કેટલી છે તેને જોઈને વિદ્યાર્થીને પ્રવેશ આપવા અંગે નિર્ણય કરવાનો અધિકાર તંત્ર પાસે છે અને તેના આધારે પ્રવેશની અંતિમ બાબત નક્કી થઈ શકે. હાઈકોર્ટના આજના ચુકાદાને પગલે દિવ્યાંગોને સહેજ ઝટકો મળ્યો છે કારણે રાજયની વડી અદાલતે તેમને કોઈ ખાસ રાહત આપી ન હતી.

બેદરકારી ભર્યુ ડ્રાઈવિંગ યમદૂત બન્યુ

અમદાવાદ,તા.૨૧

અમદાવાદ જિલ્લામાં બે ગામમાં બેદરકારી ભર્યા ડ્રાઈવિંગના કારણે બે યુવકોએ જિંદગી ગુમાવવી પડી છે. બંને અકસ્માતમાં વાહન ચલાવનારની બેદરકારીથી આ બનાવ બન્યા હતા. દસક્રોઈ તાલુકાના પાલડી-કાકજ ગામ નજીક એક્ટિવા સ્લીપ થઈ જતાં ૧૮ વર્ષના યુવકનું સારવાર દરમ્યાન મોત થયું હતું. જ્યારે વિઠલાપુર નજીક બડવે કંપની પાસે બાઈક સોલર પાવરના થાંભલા સાથે અથડાતા યુવકનું મોત થયું હતું.

મળતી માહિતી અનુસાર આ બનાવોની વિગત એવી છે કે પાલડી-કાકજ ગામમાં રહેતા દિનેશભાઈ પરમારનો મોટો પુત્ર લવલેશ (ઉ.વ. ૧૮) એક્ટિવા લઈ ઘરનો સામાન લેવા નીકળ્યો હતો.

ઝુંપડપટ્ટીના વિકલ્પ માટે 'રેન બસેરા' ઝડપથી વિકસાવા જાગૃત નાગરિક પરિષદની માંગ

ગાંધીનગર, તા. ૨૧

ઝડપથી વિકસી રહેલા રાજ્યના પાટનગર ગાંધીનગરમાં રસ્તા, મકાન, ડ્રેનજ વગેરેના અસંખ્ય કામો ચાલી રહ્યા છે. આ કામો પર મોટી સંખ્યામાં બહારના મજૂરો મજૂરી કરી રહ્યા છે. તેમના કુટુંબો માટે શિયાળા-ઉનાળા-ચોમાસામાં રાત્રિ નિવાસ માટે રૈન બસેરા બાંધવાના કામોને હવે પ્રાયોરીટી આપવા ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે અપીલ કરી છે.

ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદની કાર્યવાહક સમિતિની બેઠકમાં વિશેષ ઉપસ્થિત રહેલા ડેમોક્રેટીક પીપલ્સ એસોસિએશનના પ્રમુખ ભાનુકાન્ત પરમારે આ બાબતે વિગતો આપતાં જણાવ્યું હતું કે નામદાર સર્વોચ્ચ અદાલત તેમજ ગુજરાત હાઈકોર્ટે છેલ્લા ૧૦ વર્ષથી અવારનવાર બેઘરોને રાત્રી આશ્રય પુરો પાડવા નિર્દેશો આપ્યા છે. સરકારના માર્ગ અને મકાન વિભાગના મંત્રી તેમજ ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશ્નર સમક્ષ ડેમોક્રેટીક પીપલ્સ એસોસિએશન દ્વારા અનેકવાર રજુઆતો કરવામાં આવી છે. મનપા પાસે આ અંગેનું ફંડ પણ ઉપલબ્ધ છે. આમ છતાં સરકાર દ્વારા જમીન પણ ફાળવાતી હોવાથી ગરીબ મજૂરો માટે રાત્રી નિવાસ બનાવી શકાતા નથી. સેક્ટર-૧૨ તથા સેક્ટર-૩-એ-ન્યુમાં જમીન ફાળવવાની દરખાસ્ત લાંબા સમયથી અનિર્ણિત છે તેથી હવે નવા ગાંધીનગરમાં પણ રૈનબસેરાની આવશ્યકતા જણાય છે.

ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે મજૂરો માટે રાત્રી આશ્રય બાંધવા તા. ૨-૫-૨૦૧૬ના ઠરાવ ક્રમાંક-૩થી સરકાર સમક્ષ માંગણી કરી હતી. પરિષદની કાર્યવાહક સમિતિએ પુનઃ ઠરાવ કરીને આ બાબતના ઝડપી ઉકેલ માટે સરકારને અનુરોધ કર્યો છે, પરિષદે જણાવ્યું છે કે મજૂરોને રૈન બસેરામાં અસ્થાયી આશરો મળતાં, સેક્ટરે સેક્ટરે તેમના દ્વારા ઉભી થતી ઝુંપડપટ્ટીનો વિકલ્પ મળશે અને આવી ઝુંપડપટ્ટીને દૂર કરી શકાશે. સેક્ટરવાસીઓને ઝુંપડપટ્ટી દ્વારા ફેલાતી ગંદકીથી મુક્તિ મળશે. સરકારનો આ નિર્ણય સ્માર્ટસીટીની દિશામાં અતિ મહત્વનો બની રહેશે.

ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદની આ બેઠકમાં પ્રમુખ જ્યોતીન્દ્રભાઈ દવે, ભાનુપ્રસાદ પુરાણી, ભાનુકાન્તભાઈ પી. પરમાર, સુમંતભાઈ શાહ, જયંતભાઈ ભટ્ટ, નિરંજન ઓઝા, એસ.ડી. આર. મલિક, રાજેન્દ્રભાઈ પારેખ, જીવણલાલ પરમાર, દશરથભાઈ પરમાર, જીતેન્દ્રભાઈ ત્રિવેદી, ગુણવંતભાઈ ગોહેલ વગેરે ઉપસ્થિત રહ્યાં હતા.

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
(જાહેર નિવિદા નં. ૦૯ સને ૨૦૧૮-૧૯)

કાર્યપાલક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, બી વીંગ, પાંચમો માળ, સહયોગ સંકુલ, સેક્ટર-૧૧, ગાંધીનગર દ્વારા મા. અને મકાન વિભાગ તેમજ સિંચાઈ ખાતામાં / ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડમાં ઈ-૨ અને ઉપરની શ્રેણીમાં નોંધાયેલ ઠેકેદારો પાસેથી અત્રેની કચેરી હસ્તકના NC-14 યોજનાના સરીતા ઉદ્યાન હેડવર્કસ ખાતેના ૩૦ MLD વૉટર ટ્રીટમેન્ટ પ્લાન્ટના એરબ્લોઅર પાઈપ, રેલીંગ, સી.આઈ. ગેટ, સી.એલ.આર. બાયપાસ પાઈપલાઈન તથા અન્ય રીપેરીંગના કામની અંદાજીત કિંમત રૂ. ૪,૯૮,૭૬૯.૮૪ માટે આવા કામો કરતી એજન્સીઓ પાસેથી રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી સીલ્ડ ટેન્ડરો માગવામાં આવે છે. આ કામના ટેન્ડરો માટે જરૂરી ઈ-૨ વર્ગમાં નોંધણી પ્રમાણપત્ર, પાનકાર્ડ, સોલવંશી સર્ટીફિકેટની નકલો અરજી સાથે ટેન્ડર ફી રૂ. ૬૦૦.૦૦ રજૂ કર્યેથી કોરા ટેન્ડર ફોર્મ આપવામાં આવશે. બાનાની રકમ પેટે રૂ. ૪,૯૯૮.૦૦ની એફડીઆર/ડીડી રૂપે આપવાની રહેશે.

ટેન્ડરો આપવાની છેલ્લી તા. ૩૦/૮/૨૦૧૮ તથા ટેન્ડર પરત સ્વીકારવાની છેલ્લી તા. ૧૦/૯/૨૦૧૮ના રોજ રાખવામાં આવે છે. શક્ય હશે તો બીજા દિવસે ૧૨.૦૦ કલાકે ટેન્ડર ખોલવામાં આવશે. વધુ વિગતો કચેરી સમય દરમિયાન મળી શકશે.

ફોન નં. (૦૭૯) ૨૩૨૬૧૮૭૦, ફોન નં. (૦૭૯) ૨૩૨૬૧૮૭૦

માહિતી/૧૩૨૭/૧૮-૧૯

જાહેર નોટીસ

આર.એસ. દેસાઈ (જી.એ.એસ.) પ્રાંત અધિકારીશ્રી અને સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ ગાંધીનગરની કોર્ટમાં

જન્મ-મરણ અપીલ નં. ૩૧/૨૦૧૭

અરજદાર : શ્રી શૈલેષભાઈ સંપતભાઈ દંતાણી
રહે. ઘર નં.-૧૭૪૬ કુબેરનગર, મુ.વાવોલ, તા.જી. ગાંધીનગર

વિરૂદ્ધ

સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, વાવોલ
વાવોલ ગ્રામ પંચાયત, તા.જી. ગાંધીનગર

બાબત : જન્મ મરણ અધિનિયમ:૧૯૬૯ની કલમ-૧૩(૩) નીચે વિવાદ અરજી

આથી જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે, અરજદારશ્રીના પિતા નામે 'સંપતભાઈ કેશાભાઈ દંતાણી'નું અવસાન તા. ૬/૯/૨૦૧૬ના રોજ મોજે - વાવોલ, તા.જી. ગાંધીનગર ખાતે થયેલ છે. જેઓની મરણની નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ. જેથી તે મુજબનું મરણનું પ્રમાણપત્ર તલાટી કમ મંત્રીશ્રી, વાવોલ તા.જી. ગાંધીનગર કાઢી આપે તેવો હુકમ કરવા અરજદારે અત્રેની કોર્ટમાં જન્મ-મરણ અપીલ નં. ૩૧/૨૦૧૭થી દાખલ કરેલ છે. જેથી આ બાબતે કોઈપણ ઈસમ, સંસ્થા કે વ્યક્તિને અરજદારશ્રીના પિતાને સદર દાખલો આપવા સામે વાંધો, તકરાર હોય તો તેઓએ જાતે અથવા વકીલ મારફતે અત્રેની કોર્ટમાં આ નોટીસ પ્રસિદ્ધ થયેથી ૩૦ દિનમાં વાંધો રજૂ કરવાનો રહેશે જો કોઈ વાંધો કે તકરાર રજૂ નહી થાય તો આગળની યોગ્ય અને ન્યાયીક કાર્યવાહીથી હુકમ કરવામાં આવશે તેની નોંધ લેવી.

આજ તા. ૨૧/૮/૨૦૧૮ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો

તૈયાર કરનાર	તપાસનાર	કોર્ટનો સિક્કો	સહી/-
સહી/-	સહી/-		પ્રાંત અધિકારી
કારકુન	ના.મામલતદારશ્રી		ગાંધીનગર